# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ રાજ્યના પ્રવાસ દરમિયાન 82 હજાર કરોડ રૂપિયા થી વધુના વિકાસ કાર્યોની ભેટ આપશે.**
2. **શ્રી મોદી આજે દાહોદમાં લૉકોમૉટિવ એન્જિન મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે.**
3. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે મહારાષ્ટ્રના નાગપુરમાં ગાંધીનગર NFSUના પરિસરનું ખાતમુહૂર્ત કરશે.**
4. **કચ્છ અને ઉત્તર-મધ્ય ગુજરાતમાં આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**
5. **ગઈકાલે રાત્રે રાજ્યના કેટલાક સ્થળોએ ભારે વરસાદ બાદ વ્યાપક નુકસાન**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM GUJ VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બે દિવસ રાજ્યના પ્રવાસે આવી રહ્યા છે. દરમિયાન તેઓ દાહોદ , ભુજ અને ગાંધીનગરમાં 82 હજાર 950 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી આજે કચ્છના ભુજમાં અંદાજે 53 હજાર કરોડ રૂપિયાથી વધુના 33 વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

## (વોઈસ કાસ્ટ – હેમાંગ પટ્ટણી)

શ્રી મોદી આજે કંડલા પોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સૉલાર પ્લાન્ટ્સ, પાવર ટ્રાન્સમિશન અને માર્ગ મકાનના વિકાસકાર્યોની ભેટ આપશે. ઉપરાંત તેઓ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ , પાણી પૂરવઠા વિભાગ , પવિત્ર યાત્રાધામ વિકાસ બૉર્ડ , પાવરગ્રીડ તેમજ દીનદયાળ બંદર સત્તામંડળના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરશે.

---

# PM MODI DAHOD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી રાજ્યની બે દિવસની મુલાકાતે આવશે. તેમની મુલાકાતના પહેલા દિવસે, શ્રી મોદી દાહોદમાં લૉકોમૉટિવ એન્જિન મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે અને નવ હજાર હૉર્સ પાવરના પહેલા ઇલેક્ટ્રિક લૉકોમૉટિવને લીલીઝંડી આપશે.

**ઉપરાંત શ્રી મોદી દાહોદમાં અંદાજે 24 હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ પણ કરશે, જેમાં વેરાવળ અને અમદાવાદ વચ્ચે વંદે ભારત ઍક્સપ્રેસ અને વલસાડ અને દાહોદ સ્ટેશન વચ્ચે ઍક્સપ્રેસ ટ્રેનના શુભારંભ સહિત રાજ્ય સરકારના અન્ય વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. વધુ વિગત અમારા સંવાદદાતા પાસેથી..**

## (વોઈસ કાસ્ટ – અપર્ણા ખુંટ)

(....દાહોદમાં જાહેર ખાનગી ભાગીદારીના મૉડલ પર 20 હજાર કરોડના ખર્ચે તૈયાર થયેલા રેલ કારખાનામાં આગામી 10 વર્ષમાં 1200 જેટલા લોકોમોટીવ એન્જિન તૈયાર કરવામાં આવશે અને ભવિષ્યમાં તેને દેશ-વિદેશમાં એક્સપોર્ટ કરવામાં આવશે . આ રેલ કારખાનામાં બનેલા લોકોમોટિવ એન્જિનને આગામી સમયમાં 100% મેઇક ઇન ઇન્ડિયાના તર્જ પર બનાવવામાં આવશે. દાહોદમાં હમણાં તૈયાર થઇ રહેલા ચાર એન્જિન ઉપર મેન્યુફેકચરિંગ બાય દાહોદ લખાશે. 4 હજાર 600 ટનની કાર્ગો વહન કરવાની ક્ષમતા ધરાવતા આ એન્જિનમાં પ્રથમ વખત ચાલક માટે એસી તેમજ ટોયલેટ, દુર્ઘટનાથી બચવા માટે કવર સિસ્ટમ સહિતની સુવિધા ઉપલબ્ધ કરાઇ છે. આ ઇલેક્ટ્રિક એન્જિનની સરેરાશ ઝડપ 75 કિ.મી. કલાક રહેશે આ પ્રોજેક્ટના પગલે દાહોદ સહિતના વિસ્તારોમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે 10 હજાર માનવીઓને રોજગારી મળશે તેમજ સ્થાનિક અર્થતંત્રને પણ વેગ મળશે. ઉલ્લેખનીય છે કે,. વર્ષ 2022 માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મેક ઇન ઈન્ડિયા મેક ફોર ધ વર્લ્ડ પહેલ હેઠળ આ પ્રોજેકટનું ખાતમુહૂર્ત કર્યું હતું.

***// અપર્ણા ખૂંટ //આકાશવાણી સમાચાર અમદાવાદ.)***

---

# AMIT SHAH NAGPUR

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે સવારે મહારાષ્ટ્રમાં ગાંધીનગર NFSU-રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વ-વિદ્યાલયના પરિસરનું ખાતમુહૂર્ત કરશે. નાગપુરના ચિંચોલી ખાતે આ પરિસરનું નિર્માણ થઈ રહ્યું છે.**

ગાંધીનગર NFSUના સંસ્થાપક કુલપતિ ડૉક્ટર જે. એમ. વ્યાસે જણાવ્યું , આ વિશ્વ-વિદ્યાલયના નવા પરિસરથી કૌશલ્ય પ્રાપ્ત ન્યાયસહાયક નિષ્ણાતો તૈયાર થશે. નાગપુર પરિસર વિશ્વ-વિદ્યાલયનું અગિયારમું અને મહારાષ્ટ્રનું પહેલું પરિસર હશે. આ પરિસર તપાસ સંસ્થાઓને મદદરૂપ થશે અને ન્યાયસહાયક ક્ષમતા નિર્માણમાં પણ વધારો કરશે એમ શ્રી વ્યાસે ઉમેર્યું.

---

# RAJYAPAL ANAND

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે માનવ જીવનની સાથે પ્રકૃતિ અને પર્યાવરણને બચાવવા માટેના યોદ્ધા બનવા લોકોને અપીલ કરી. આણંદ કૃષિ વિશ્વ-વિદ્યાલયના સહકારથી રાજ્યના કૃષિ , ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા ગઈકાલે યોજાયેલા પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં તેમણે આ મુજબ જણાવ્યું. રાજ્યપાલશ્રીએ કહ્યું, પ્રાકૃતિક ખેતીનું અભિયાન એ કોઈ એક વ્યક્તિનું નહીં , પરંતુ રાષ્ટ્રીય અભિયાન છે.

## (બાઈટ – આચાર્ય દેવવ્રત,રાજ્યપાલ)

દરમિયાન રાજ્યપાલશ્રીએ અમદાવાદ , આણંદ, ખેડા, ગાંધીનગર અને બોટાદ સહિત પાંચ જિલ્લાના ગ્રામસેવક , વિસ્તરણ અધિકારી , આત્મા અને બાગાયત વિભાગના અધિકારીઓ , કૃષિ સખીઓ , પ્રગતિશીલ ખેડૂતો અને કોમ્યુનિટી રિસોર્સ-પર્સન સાથે પણ સંવાદ કર્યો હતો.

---

# WEATHER

ઉત્તર અને મધ્ય ગુજરાત તેમજ કચ્છમાં આજે ; અને આગામી સાત દિવસ સમગ્ર રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી સાત દિવસ રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા નહીં મળે. અરબ સાગરમાં બનેલું દબાણ હવે નબળું પડ્યું છે. ત્યારે દક્ષિણ ગુજરાતમાં ત્રણ દિવસ ભારે વરસાદની પણ શક્યતા છે તેમ હવામાન ખાતાના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું.

**(બાઈટ – પ્રદિપ શર્મા, વૈજ્ઞાનિક, હવામાન વિભાગ, અમદાવાદ)**

---

# WEATHER DISTRICT

રાજ્યભરમાં ગઈકાલે રાત્રે વાતાવરણમાં ભારે પલટો જોવા મળ્યો.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , જિલ્લામાં એકાએક ભારે પવન સાથે ધૂળની ડમરીઓ ઉડી હતી. ઉપરાંત પવનના કારણે હૉર્ડિંગ્સ અને બેનર્સ પણ ઉડી ગયા હતા.

બોટાદના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે , બોટાદ શહેર સહિત આસપાસના વિસ્તારમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. ભારે પવનના કારણે મોટા ભાગના વિસ્તારમાં વીજ પૂરવઠો બંધ થઈ ગયો હોવાના પણ અહેવાલ છે.

સુરેન્દ્રનગરના અમારા પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે , સુરેન્દ્રનગર, વઢવાણ, લિંબડી, સાયલા, લખતર પંથકમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો.

અરવલ્લીના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે, મેઘરજ, રોલા, બેડઝ સહિતના ગ્રામ્ય વિસ્તારમાં દિવસભરના ઉકળાટ બાદ વરસાદ થતાં ઠંડક પ્રસરી હતી. વરસાદના કારણે અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી પણ થયા હતા.

સાબરકાંઠાના અમારા પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે , ગઈકાલે ભારે પવન સાથે ઈડર, વડાલી, ખેડબ્રહ્મા સહિતના પંથકમાં વરસાદ વરસ્યો.

બનાસકાંઠાના દાંતા તાલુકામાં થોડા દિવસો પહેલા વરસાદ સાથે વાવાઝોડું આવતા બાજરી, મકાઇ અને કેરી સહિતના પાકને 50 ટકા નુકસાન થયુ હતું. હાલમાં વરસાદની આગાહીને પગલે બાકી રહેલો બાજરી ના પાક પણ બગડી જાય તેવી ખેડૂતોમાં ભીતિ સેવાઇ રહી છે. ખેડૂતો સરકાર પાસે પાક નુકસાનનો સરવે કરાવી સહાય મળે તેવી માગ કરી રહ્યા છે.

---

# DANG MP

ડાંગના સાંસદ ધવલ પટેલે ગિરિમથક સાપુતારા ખાતે કુદરતી વાતાવરણનો આનંદ ઉઠાવવા લોકોને અપીલ કરી છે. જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ સમિતિ એટલે કે , દિશાની બેઠક અને અન્ય કાર્યક્રમ માટે શ્રી પટેલ ગઈકાલે સાપુતારા ખાતે આવ્યા હતા.

## (બાઈટ – ધવલ પટેલ, સાંસદ)

---